# ગુજરાત રાજ્ય ફાર્માસીસ્ટ મંડળ

(સરકાર માન્ય)

રજી.નં. સા.વ.વિ.ક્રમાંક : કયમ-૧૦૭૩-યુ.ઓ.-૯૬૦-ક, તા.૧૭/૧૨/૧૯૭૩

Address : A/SF/7/19, HARINAND LUXARYOUS FLATS SECTOR-28 GANDHINAGAR-382028

પ્રમુખશ્રી: ચિરાગ ટી. સોલંકી (૯૮૭૯૧૧૯૮૭૮) Email: chiragm98@gmail.com

મહામંત્રીશ્રી: નિમેષ પી. ચૌધરી (૮૮૬૬૮૯૨૩૩૦) Email: nimeshplb@gmail.com


---

જા.ન. ૧૮૫૭ તા. ૨૭/૦૮/૨૦૨૬

(૧)

પ્રતિ,
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ,
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય,
સ્વર્ણીમ સંકુલ, સચિવાલય
ગાંધીનગર.

પ્રતિ,
શ્રી હર્ષભાઈ સંઘવી સાહેબ,
નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય,
સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય
ગાંધીનગર.

**વિષય:** ગુજરાત સરકારના અધિકારીઓ/કર્મચારીઓના સંતાનોના ઉચ્ચ શિક્ષણ માટે HBA/MCA ની જેમ "Education Loan Advance (ELA)"ની સુવિધા શરૂ કરવા બાબત.

માન. સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે ગુજરાત રાજ્યના સરકારી કર્મચારીઓના હિત અને કલ્યાણ માટે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે અનેક મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓને પોતાનું મકાન બનાવવા/ખરીદવા માટે House Building Advance (HBA) તથા વાહન ખરીદવા માટે Motor Car Advance (MCA) જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. કર્મચારીઓના કલ્યાણ માટેની આ વ્યવસ્થાઓ બદલ ગુજરાત રાજ્ય ફાર્માસીસ્ટ મંડળ સરકારશ્રીનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે.

હાલના સમયમાં મોંઘવારીની સાથે ઉચ્ચ શિક્ષણનો ખર્ચ પણ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. ખાસ કરીને MBBS, BDS, Engineering, Pharmacy, Nursing સહિતના વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં શિક્ષણ મેળવવું સામાન્ય મધ્યમવર્ગીય પરિવાર માટે ખૂબ જ ખર્ચાળ બન્યું છે. સરકારી કર્મચારીઓ પણ આ પરિસ્થિતિમાંથી બાકાત નથી.

**સરકારી કર્મચારીઓની વાસ્તવિક પરિસ્થિતિ**

ગુજરાત સરકારની સેવામાં જોડાતા કર્મચારીઓમાં મોટો વર્ગ એવો છે કે જેમણે પોતાની કારકિર્દીના શરૂઆતના વર્ષોમાં ફિક્સ પગાર પર સેવા બજાવેલી હોય છે. ખાસ કરીને વર્ગ-3ના કર્મચારીઓમાં પાંચ વર્ષ કે તેથી વધુ સમય સુધી ફિક્સ પગારની સેવાને કારણે તેમની શરૂઆતની આવક અને બચત મર્યાદિત રહે છે.

આ ઉપરાંત, વર્ગ-3માંથી બઢતી મેળવીને વર્ગ-2 તથા વર્ગ-1માં પહોંચેલા અધિકારીઓનો પણ મોટો વર્ગ છે. સીધી ભરતીથી વર્ગ-1 તથા વર્ગ-2માં જોડાયેલા કેટલાક અધિકારીઓએ પણ અગાઉ ફિક્સ પગારની સેવા બજાવેલી હોય છે. સામાન્ય રીતે કર્મચારીઓ 25થી 35 વર્ષની ઉંમર દરમિયાન સરકારી સેવામાં જોડાતા હોય છે. ભારતીય સામાજિક પરિસ્થિતિમાં તેઓના સંતાનો જ્યારે 12મું ધોરણ પૂર્ણ કરીને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લેવાની ઉંમરે પહોંચે છે ત્યારે કર્મચારીની ઉંમર સામાન્ય રીતે 40થી 45 વર્ષની આસપાસ હોય છે.

સ્વીકાર્યું
માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય
સચિવાલય, ગાંધીનગર

સ્વીકાર્યું
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય
સ્વર્ણિમ સંકુલ-૧/૨, સરદાર ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

Registry
General Administration Department
Sachivalaya, Gandhinagar-382010
Gujarat State

Scanned with OKEN Scanner

આ તબક્કે ઘણા કર્મચારીઓએ પોતાના પરિવાર માટે મકાન ખરીદવા માટે હોમ લોન લીધેલી હોય છે અને તેની EMI પણ ચાલુ હોય છે. આવી પરિસ્થિતિમાં સંતાનના ઉચ્ચ શિક્ષણ માટે એકસાથે મોટી રકમનો ખર્ચ કરવો સામાન્ય કર્મચારી માટે અત્યંત મુશ્કેલ બની રહે છે.

Education Loan મેળવવામાં પણ મુશ્કેલી

બેંકો દ્વારા Education Loan ની સુવિધા ઉપલબ્ધ છે, પરંતુ મોટી રકમની શિક્ષણ લોન માટે ઘણી વખત Collateral Security/સ્થાવર મિલકત જેવી સુરક્ષાની આવશ્યકતા રહે છે.

ઘણા સરકારી કર્મચારીઓ પાસે વધારાની સ્થાવર મિલકત હોતી નથી. જે કર્મચારીઓએ પોતાનું મકાન લીધું હોય તે પણ ઘણી વખત ચાલુ હોમ લોન હેઠળ હોય છે. પરિણામે, સંતાનના મોંઘા ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી રકમની Education Loan મેળવવામાં પણ કર્મચારીઓને મુશ્કેલી પડે છે.

આથી એક તરફ સંતાનને ઉચ્ચ શિક્ષણ અપાવવાની જવાબદારી અને બીજી તરફ હોમ લોન, ઘરખર્ચ તથા અન્ય સામાજિક જવાબદારીઓના કારણે સરકારી કર્મચારીઓ પર ગંભીર આર્થિક ભારણ ઊભું થાય છે.

ઉચ્ચ શિક્ષણના વધતા ખર્ચની ગંભીરતા

આજના સમયમાં ખાસ કરીને તબીબી શિક્ષણનો ખર્ચ સામાન્ય પરિવાર માટે અત્યંત ઊંચો છે. સરકારી તબીબી કોલેજોમાં બેઠકો મર્યાદિત હોવાથી તમામ વિદ્યાર્થીઓને સરકારી કોલેજમાં પ્રવેશ મળવો શક્ય નથી. પરિણામે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને પણ ખાનગી તબીબી કોલેજોમાં પ્રવેશ લેવો પડે છે, જ્યાં વાર્ષિક ફી તથા અન્ય શૈક્ષણિક ખર્ચ ઘણો વધારે હોય છે.

વિદ્યાર્થીની પ્રતિભા અને પ્રવેશની તક વચ્ચે માત્ર આર્થિક મર્યાદા અવરોધ ન બને તે માટે સરકારશ્રી દ્વારા યોગ્ય સહાયની વ્યવસ્થા કરવી જરૂરી છે.

સરકારી કર્મચારીઓ માટે ELAની આવશ્યકતા

ગુજરાત સરકાર દ્વારા સમાજના વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વિવિધ યોજનાઓ હેઠળ સહાય આપવામાં આવે છે. વિજ્ઞાન શિક્ષણને પ્રોત્સાહન, કન્યા કેળવણી તથા ઉચ્ચ શિક્ષણ માટેની વિવિધ સહાય યોજનાઓ દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તે જ રીતે, ગુજરાત સરકાર પોતાના કર્મચારીઓના સંતાનોના ઉચ્ચ શિક્ષણ માટે પણ "HBA/MCA" ની જેમ "Education Loan Advance (ELA)" ની સુવિધા શરૂ કરે તો તે કર્મચારી કલ્યાણના ક્ષેત્રમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક પગલું બની શકે તેમ છે.

આ પ્રકારની વ્યવસ્થા અન્ય કેટલાક રાજ્યો તેમજ વિવિધ સરકારી બોર્ડ/નિગમોમાં પણ કર્મચારીઓના શિક્ષણ હિત માટે કરવામાં આવેલી છે. તેથી ગુજરાત રાજ્યમાં પણ આવી કર્મચારી-મૈત્રીપૂર્ણ વ્યવસ્થા શરૂ કરવા માટે યોગ્ય નીતિ ઘડવાની જરૂરિયાત છે.

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળની નમ્ર માંગણી

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ સરકારશ્રી સમક્ષ નમ્ર રજૂઆત છે કે રાજ્યના સરકારી અધિકારીઓ/કર્મચારીઓના સંતાનોના ઉચ્ચ શિક્ષણ માટે "Education Loan Advance (ELA)" ની સુવિધા શરૂ કરવા અંગે સરકારશ્રી દ્વારા સકારાત્મક નિર્ણય લેવામાં આવે.

આ યોજનામાં નીચે મુજબની બાબતોનો સમાવેશ કરવા અંગે વિચારણા કરવામાં આવે:

1. ગુજરાત સરકારના અધિકારીઓ/કર્મચારીઓના સંતાનોના માન્ય ઉચ્ચ તથા વ્યાવસાયિક શિક્ષણ માટે Education Loan Advance ની સુવિધા આપવામાં આવે.
2. MBBS, BDS, BAMS, BHMS, Engineering, Pharmacy, Nursing તથા અન્ય માન્ય ઉચ્ચ/વ્યાવસાયિક અભ્યાસક્રમોને આ યોજનામાં આવરી લેવામાં આવે.
3. સરકારશ્રી દ્વારા યોગ્ય મહત્તમ મર્યાદા નક્કી કરીને કોલેજ ફી તથા અન્ય માન્ય શૈક્ષણિક ખર્ચ માટે ELA મંજૂર કરવામાં આવે.

Scanned with OKEN Scanner

4. HBA/MCAની જેમ ELAની રકમ કર્મચારીના પગારમાંથી સરળ માસિક હપ્તામાં પરત વસૂલવાની જોગવાઈ કરવામાં આવે.
5. કર્મચારીની સેવા, પગાર તથા પરત ચુકવણીની ક્ષમતાને ધ્યાનમાં રાખીને કર્મચારી-મૈત્રીપૂર્ણ શરતો નક્કી કરવામાં આવે.
6. Education Loan માટે બેંકોમાં આવતી Collateral Security જેવી મુશ્કેલીઓ દૂર થાય તે રીતે સરકાર દ્વારા સરળ પ્રક્રિયા અને યોગ્ય સુરક્ષા વ્યવસ્થા નક્કી કરવામાં આવે.
7. આ સુવિધા કર્મચારીના એકથી વધુ સંતાનોમાંથી નિયમોમાં નિર્ધારિત મર્યાદા મુજબ યોગ્ય સંતાનના ઉચ્ચ શિક્ષણ માટે પણ ઉપલબ્ધ કરાવવામાં આવે.
8. ELA માટે વ્યાજદર, મહત્તમ રકમ, પરતચુકવણીનો સમયગાળો તથા અન્ય શરતો સરકારશ્રી દ્વારા કર્મચારીઓની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે.

આમ, રાજ્યના કર્મચારીઓ સરકારના વહીવટી તંત્રના મહત્વના આધારસ્તંભ છે. કર્મચારીઓ પોતાના સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે ચિંતિત હોય છે. આજના સમયમાં ઉચ્ચ શિક્ષણ અત્યંત મોંઘું બનતું જાય છે ત્યારે માત્ર આર્થિક અસમર્થતાના કારણે કોઈ કર્મચારીના સંતાનને પોતાની પ્રતિભા અનુસાર ઉચ્ચ શિક્ષણથી વંચિત રહેવું ન પડે તે માટે સરકારશ્રીની મદદ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે.

HBA અને MCAની જેમ Education Loan Advance (ELA) ની સુવિધા શરૂ કરવાથી સરકારી કર્મચારીઓને તેમના સંતાનોના ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી નાણાકીય સહાય મળશે, કર્મચારીઓના આર્થિક તણાવમાં ઘટાડો થશે તથા કર્મચારી કલ્યાણના ક્ષેત્રમાં ગુજરાત સરકાર દ્વારા એક અનોખી અને આવકારદાયક પહેલ થશે.

આથી ઉક્ત બાબતોને ધ્યાને લઈ અમારી આ ન્યાયસંગત અને કર્મચારીહિતની માંગણી અંગે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી, નાણાં વિભાગ તથા સંબંધિત વિભાગોને જરૂરી સૂચના આપી, HBA/MCAની જેમ "Education Loan Advance (ELA)" ની સુવિધા શરૂ કરવા માટે જરૂરી નિયમો/ઠરાવ બહાર પાડવા નમ્ર વિનંતી છે.

આપશ્રી કર્મચારી હિતલક્ષી આ રજૂઆતને હકારાત્મક રીતે સ્વીકારી યોગ્ય નિર્ણય કરશો તેવી અમને પૂર્ણ આશા અને વિશ્વાસ છે.

આભાર સહ,

(ચિરાગ સોલંકી)
પ્રમુખ

**નકલ સવિનય રવાના જરૂરી કાર્યવાહી સારૂ:**

(૧) શ્રી મનોજ કુમાર દાસ સાહેબ (IAS), મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ બ્લોક નં. ૧/૫, સચિવાલય, ગાંધીનગર.

Scanned with OKEN Scanner